# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 16-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**DAY: WEDNESDAY** **NATIONAL NEWS**

નમસ્કાર,આકાશવાણી,

**OPENING SIGNATURE TUNE**

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

મુખ્ય સમાચાર

(મ્યુઝિક અંડરપ્લે)

1) સરકારે સંસદના ચોમાસુ સત્ર અગાઉ રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી.

2) **CDS** જનરલ અનિલ ચૌહાણે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ઉપયોગમાં લીધેલી યુદ્ધસામગ્રીને ભારતીય સશસ્ત્ર દળોએ નિષ્ક્રિય કરી.

3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પહલગામ આતંકી હુમલાનો મુદ્દો ઉઠવતા **SCO** સમક્ષ કહ્યું, દોષીતોને સજા અપાવવા ભારત પ્રયાસરત્.

4) ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સે ઝડપથી ડિજિટલાઇઝ થઈ રહેલા વિશ્વમાં નાણાંનો દુરુપયોગ થવાની આશંકા વ્યક્ત કરી.

5) ભારત અને ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની પહેલી મેચ આજે ઇંગ્લેન્ડમાં રમાશે

.......................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# GOVT - ALL PARTY MEETING

સરકારે સંસદના ચોમાસુ સત્ર અગાઉ રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોની કામગીરી સુચારૂ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માંગશે.

ચોમાસુ સત્ર આ મહિનાની **21**મી તારીખથી **21**મી ઓગષ્ટ સુધી યોજાશે. સત્ર દરમિયાન, ચર્ચા અને પસાર કરવા માટે કેટલાક મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CDS - OPERATION SINDOOR

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સી. ડી. એસ.) જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને નિઃશસ્ત્ર ડ્રોન અને લોટરીંગ યુદ્ધસામગ્રીનો ઉપયોગ કર્યો હતો, જેને ભારતીય સશસ્ત્ર દળોએ નિષ્ક્રિય કરી દીધા હતા.

નવી દિલ્હીમાં માનવરહિત હવાઈ વાહન અને કાઉન્ટર-યુએએસ સ્વદેશીકરણ પર એક વર્કશોપને સંબોધતા જનરલ ચૌહાણે કહ્યું કે પાકિસ્તાનના કોઈ પણ ડ્રોનથી ભારતીય સૈન્ય અથવા નાગરિક માળખાને કોઈ નુકસાન થયું નથી. તેમણે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર સ્વદેશી

માનવ રહિત હવાઈ પ્રણાલીઓને તૈનાત કરવાના નિર્ણાયક મહત્વને દર્શાવે છે. જનરલ ચૌહાણે જણાવ્યું હતું કે દેશે પોતાની સુરક્ષા માટે રોકાણ કરીને વિદેશી ટેકનોલોજીને બદલે સ્વદેશી શસ્રોનું નિર્માણ કરવું જોઈએ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR-SCO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો મુદ્દો ઉઠવતા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમક્ષ કહ્યું હતુંકે ભારત આ હુમલાના દોષીતોને સજા અપાવવા પ્રયાસ કરી રહી છે. તેમણેઆ મુદ્દે વધુમાં કહ્યું હતું કે આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના મુદ્દાઓ પર એસસીઓએ સહજ પણ સમાધાનકારી વલણ અપનાવવું જોઈએ નહીં. ડૉ. જયશંકરે ગઈકાલે સાંજે ચીનના તિયાનજિનમાં **SCO** વિદેશ મંત્રીઓની પરિષદની બેઠકમાં ભાગ લેતા ભારતનો પક્ષ રજૂ કર્યો હતો.

પ્રસ્તુત છે એક અહેવાલ....

**(વોઇસ કાસ્ટ – હિમાંશુ SEO)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MISRI - SRILANKA

શ્રીલંકાના 14 રાજકીય પક્ષોના યુવાન રાજનેતાઓના 24 સભ્યોના પ્રતિનિધિમંડળે આજે નવી દિલ્હીમાં વિદેશ સચિવ વિક્રમ મિસરી સાથે મુલાકાત કરી હતી.

આ બેઠક દરમિયાન વિદેશ સચિવે ભવિષ્યના રોડમેપમાં હિતધારકો તરીકે ભારત-શ્રીલંકા ભાગીદારીને ગાઢ બનાવવામાં તેમની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, યુવાન રાજકીય નેતાઓના પ્રતિનિધિમંડળે આજે ભારતમાં તેમના બે અઠવાડિયાના કાર્યક્રમની શરૂઆત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# FATF REPORT

ગ્લોબલ ટેરર ફાઇનાન્સિંગ વોચડોગ, ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) એ ઝડપથી ડિજિટલાઇઝ થઈ રહેલા વિશ્વમાં નાણાંનો દુરુપયોગ થવાની આશંકા વ્યક્ત કરી છે. FATF એ જણાવ્યું હતું કે આતંકવાદને ટેકો આપવા, ગેરકાયદેસર કમાણી છુપાવવા અથવા વૈશ્વિક શાંતિને નુકસાન પહોંચાડી શકે તેવી પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડવા માટે નાણાંનો દુરુપયોગ થઈ શકે છે. વિશ્વની નાણાકીય પ્રણાલીઓનું રક્ષણ કરવા માટે, FATF વિશ્વભરના દેશો સાથે કામ કરે છે તેમ પણ આ અહેવાલમાં કહેવાયું છે.

કોમ્પ્લેક્સ પ્રોલિફરેશન ફાઇનાન્સિંગ એન્ડ સેન્ક્શન્સ ઇવેઝન સ્કીમ્સ અને કોમ્પ્રીહેન્સિવ અપડેટ ઓન ટેરરિસ્ટ ફાઇનાન્સિંગ રિસ્ક્સ અઁગેનો FATF એ જૂન અને જુલાઈનો અહેવાલ પ્રકાશિત કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UTTARAKHAND RAIN

ઉત્તરાખંડના મોટાભાગના વિસ્તારમાં આગામી દિવસોમાં વરસાદ પડવાની શક્યતા છે. પર્વતીય જિલ્લાઓમાં ભારે વરસાદ અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને, રહેવાસીઓને સાવચેત રહેવાની

સલાહ આપવામાં આવી છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ આજે રાજ્યના વિવિધ ભાગોમાં હળવો થી મધ્યમ વરસાદ પડી રહ્યો છે.

(વોઇસ કાસ્ટ : **SAKSHI SINGH** )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP-TRADE DEAL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા અને ઇન્ડોનેશિયા વચ્ચે તાજેતરમાં થયેલા વેપાર કરારની જેમ જ ભારત વેપાર કરાર પર કામ કરી રહ્યું છે. આ સોદામાં અમેરિકાનાં ઉત્પાદનોને ઇન્ડોનેશિયામાં ટેરિફ-ફ્રી પ્રવેશવાની મંજૂરી આપવાની સંમતિ સધાઇ હતી, જ્યારે અમેરિકામાં ઇન્ડોનેશિયન નિકાસ પર 19 ટકા ટેરિફનો સામનો કરવો પડે છે. ટ્રમ્પે વોશિંગ્ટનમાં પત્રકારોને જણાવ્યું કે, ભારત મૂળભૂત રીતે આ પદ્ધતિ પર જ કામ કરી રહ્યું છે, જોકે ભારત શરતો માટે સંમત થશે કે નહીં તે અંગે ટ્રમ્પે અસંમજસતા દર્શાવી હતી. તેમણે ઉમેર્યું કે, નવી દિલ્હી માટે આ નવી શરતો સ્વીકારવી મુશ્કેલ હોઈ શકે છે.

ટ્રમ્પે ભારત સહિત અનેક દેશો સાથે વેપાર સોદા માટે પહેલી ઓગસ્ટની સમયમર્યાદા નક્કી કરી છે. જો કોઈ સોદો ન થાય તો અમેરિકા 35 ટકા સુધી ટેરિફ લાદશે. અગાઉ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે, જો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 50 દિવસની અંદર યુક્રેન સાથે

શાંતિ સમજૂતી માટે સંમત ન થાય તો ભારત સહિત રશિયા પાસેથી ઊર્જા ખરીદતા દેશોને 100 ટકા ટેરિફનો સામનો કરવો પડી શકે છે. તેનો ઉદ્દેશ રશિયાને ભંડોળ આપવાનું બંધ કરવાનો અને યુદ્ધને સમાપ્ત કરવામાં મદદ કરવા માટે ગ્રાહક દેશો પર દબાણ લાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAN-INDIANS ADVISORY

ઈરાનમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની બિનજરૂરી મુસાફરી ટાળવા વિનંતી કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી આ ક્ષેત્રમાં વધતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે આ મુસાફરી ચેતવણી જારી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની બિન-આવશ્યક મુસાફરી કરતા પહેલા પરિસ્થિતિનો કાળજીપૂર્વક વિચાર કરવાની સલાહ આપી છે. તેણે નવીનતમ પ્રાદેશિક વિકાસ પર નજર રાખવા અને ભારતીય અધિકારીઓ દ્વારા જારી કરાયેલ અપડેટેડ સલાહનું પાલન કરવાની પણ સૂચના આપી છે.

ઇરાનમાં વસતા ભારતીય નાગરિકો પાછા ફરવા માંગતા હોય તો તેમના માટે દૂતાવાસે ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઇટ અને ફેરી વિકલ્પોનો લાભ લેવા જણાવ્યું છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET INDIA VS ENGLAND

ભારત અને ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની પહેલી મેચ આજે સાઉથેમ્પ્ટનમાં રમાશે. ભારતીય સમય મુજબ, આ મેચ સાંજે સાડા પાંચ વાગ્યા શરૂ થશે.

આ શ્રેણી આ વર્ષના અંતમાં ભારતમાં રમાનારા એક દિવસીય મહિલા ક્રિકેટ વિશ્વકપ માટે ભારતની તૈયારીઓની શરૂઆત છે. તાજેતરમાં જ ભારતે ઇંગ્લેન્ડમાં પહેલી વાર **T-20** શ્રેણી જીતી છે. હરમનપ્રિત કૌરના નેતૃત્વમાં ભારતે ઇંગ્લેન્ડને પાંચ મેચની **T-20** શ્રેણીમાં 3-2થી હરાવ્યું હતું.

શ્રેણીની બીજી મેચ શનિવારે લોર્ડ્સમાં, જ્યારે ત્રીજી અને અંતિમ મેચ 22 જુલાઈએ ચેસ્ટર-લે-સ્ટ્રીટમાં રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON

બેડમિન્ટનમાં, જાપાન ઓપનમાં ભારતના અભિયાનનો આજે શાનદાર આરંભ થયો, જેમાં પુરુશ ડબલ્સ જોડી સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી અને સિંગલ્સ ખેલાડી લક્ષ્ય સેને ટોક્યોમાં પ્રભાવશાળી જીત બાદ બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. વિશ્વમાં **15**મા ક્રમાંકિત સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ શરૂઆતની મેચમાં દક્ષિણ કોરિયાના કાંગ મિન હ્યુક અને કિમ ડોંગ જુને **21-18, 21-10**થી હરાવ્યા. પુરુષોના સિંગલ્સમાં, લક્ષ્ય સેને ચીનના વાંગ ઝેંગ ઝિંગ સામે **21-11, 21-**

18થી જીત મેળવી. જોકે, બે વખતનાં ઓલિમ્પિક મેડલ વિજેતા પી. વી. સિંધુ મહિલા સિંગલ્સમાં કોરિયાની સિમ યુ જિન સામે હારી ગયા બાદ ફરી એક વખત પ્રથમ રાઉન્ડમાંથી બહાર થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHESS - FIDE – WOMEN

ચેસમાં, ભારતના આર. વૈશાલી, હરિકા દ્રોણવલ્લી, કોનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ આજે જ્યોર્જિયાના બાટુમીમાં FIDE મહિલા વિશ્વ કપના ચોથા રાઉન્ડમાં ભાગ લેશે. બધા ખેલાડીઓ ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવવાના લક્ષ્ય સાથે રમતનો પ્રારંભ કરશે.

------------------------

## INDIA-UN PEACEKEEPING

ભારતે વૈશ્વિક શાંતિ અભિયાનોમાં કાર્યરત સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષકો સામે આચરાયેલા ગુનાઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો ભારપૂર્વક પુનરોચ્ચાર કર્યો છે.

આ જવાબદારી નિભાવવા માટે ગ્રુપ ઓફ ફ્રેન્ડ્સની સંયુક્ત રાષ્ટ્રની ઉચ્ચ સ્તરીય બેઠકમાં બોલતા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત પી. હરિશે જણાવ્યું હતું કે શાંતિ રક્ષકોને જોખમી વિસ્તારોમાં સેવા આપતી વખતે ગંભીર જોખમોનો સામનો કરવો પડે છે, તેમ છતાં તેમની

સામેના મોટાભાગના ગુનાઓને સજા આપવામાં આવતી નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જવાબદારીનો આ અભાવ આંતરરાષ્ટ્રીય શાંતિ પ્રયાસોને નબળાં પાડે છે.

ભારતની સહ-અધ્યક્ષતાવાળી આ બેઠકમાં **40** દેશોના પ્રતિનિધિઓ, સંયુક્ત રાષ્ટ્રના અધિકારીઓ અને નિષ્ણાતો એકઠા થયા હતા. તેમણે જવાબદારી વધારવા, દંડમાંથી મુક્તિ સામે લડવા અને ગુનેગારોને સજા માટે સહકાર સુધારવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .